## અનુસંધાન... પાના પહેલાનું

### બિહારમાં રસ્તા...

સ્લિપો ફેંકી દેવામાં આવી હતી. આ સ્લિપો ક્યારે, કેવી રીતે અને કોના ઈશારે ફેંકવામાં આવી? શું ચોર કમિશન આનો જવાબ આપશે? શું આ લોકશાહીના એ લૂંટારાના ઈશારે થઈ રહ્યું છે જેમણે બહારથી આવીને બિહારમાં પડાવ નાખ્યો છે?'' મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારે આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરી હતી અને બેદરકારીના આરોપસર સંબંધિત સહાયક રિટર્નિંગ ઓફિસર (એઆરઓ)ને સસ્પેન્ડ કર્યો હતો. આ સાથે આરોપીની સામે એફઆઈઆર દાખલ કરવા સૂચનાઓ આપવામાં આવી છે. સમસ્તીપુરના જિલ્લા ચૂંટણી અધિકારી (જિલ્લા મેજિસ્ટ્રેટ)ને ઘટનાસ્થળની મુલાકાત લેવા, તપાસ કરવા અને રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ચૂંટણી પંચે એક સત્તાવાર નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરી છે કે, આ વીવીપીએટી સ્લિપોનો ઉપયોગ મોક પોલ દરમિયાન કરવામાં આવ્યો હતો અને તેનો નિકાલ કરવામાં એઆરઓએ બેદરકારી દાખવી હતી. આનાથી વાસ્તવિક મતદાન પ્રક્રિયાની અખંડિતતા પર કોઈ અસર પડી નથી. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બધા ઉમેદવારોને તેની જાણ કરવામાં આવી છે. બિહાર વિધાનસભા ચૂંટણીમાં મતદાનનો પ્રથમ તબક્કો 6 નવેમ્બરના રોજ થયો હતો. પ્રથમ તબક્કામાં સરાયરંજન વિધાનસભા મતવિસ્તારમાં પણ મતદાન થયું હતું. ઈવીએમ અને વીવીપીએટીની યોગ્ય કામગીરી ચકાસવા અને ચૂંટણી કર્મચારીઓને તાલીમ આપવા માટે વાસ્તવિક મતદાન પહેલાં દરેક બૂથ પર મોક પોલ કરવામાં આવે છે.

### પાક.-અફઘાનિસ્તાન...

દરમિયાન તુર્કીમાં યોજાયેલી આતંકવાદ વિરોધી વાટાઘાટોનો બીજો રાઉન્ડ કોઈ સહમતિ વિના સમાપ્ત થયો હતો. જો કે, યુદ્ધવિરામ યથાવત છે. મુજાહિદે જણાવ્યું હતું કે, તાલિબાન કોઈને પણ અફઘાન જમીનનો ઉપયોગ બીજા દેશ વિરુદ્ધ કરવાની મંજૂરી આપશે નહીં અને તે કોઈ પણ દેશને અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, સ્વતંત્રતા અથવા સુરક્ષાને નુકસાન પહોંચાડવા માટે તેની જમીનનો ઉપયોગ કરવા દેશે નહીં. પાકિસ્તાનના માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારે જણાવ્યું હતું કે: ''ઈસ્લામાબાદ તાલિબાન સરકાર દ્વારા એવા કોઈપણ પગલાંને સમર્થન આપશે નહીં જે અફઘાન લોકો અથવા પડોશી દેશોના હિતમાં ન હોય.'' પાકિસ્તાનનું કહેવું છે કે, તાલિબાને 2021 દોહા શાંતિ કરારમાં આંતરરાષ્ટ્રીય સમુદાયને આપેલા પોતાના વચનો, ખાસ કરીને આતંકવાદ સામે લડવાના પોતાનાં વચનો પૂરાં કર્યાં નથી.

### ચંદ્રના ધ્રુવો...

જેણે L-બેન્ડનો ઉપયોગ કરીને પૂર્ણ-પોલરિમેટ્રિક મોડમાં અને ઉચ્ચતમ રિઝોલ્યુશન (25m/પિક્સેલ) માં ચંદ્રનું મેપિંગ કર્યું છે. આ અદ્યતન રડાર મોડ ઊભી અને આડી બંને દિશામાં સિગ્નલો મોકલે છે અને પ્રાપ્ત કરે છે, જે તેને સપાટીના ગુણધર્મોનો અભ્યાસ કરવા માટે આદર્શ બનાવે છે, એમ તેણે જણાવ્યું હતું. સ્પેસ એજન્સીએ જણાવ્યું હતું કે તેના લોન્ચ થયા પછી, ચંદ્રના ઉત્તર અને દક્ષિણ ધ્રુવીય પ્રદેશો (80 થી 90 ડિગ્રી અક્ષાંશ) ના પોલરિમેટ્રિક મોઝેઈક બનાવવા માટે લગભગ 1,400 રડાર ડેટાસેટ્સ એકત્રિત કરવામાં આવ્યા છે અને પ્રક્રિયા કરવામાં આવી છે. ''ડેટાસેટ્સનો ઉપયોગ કરીને, અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) ના વૈજ્ઞાનિકોએ પાણી-બરફની સંભવિત હાજરી, સપાટીનું ખરબચડાપણું તેમજ એક મહત્વપૂર્ણ વિદ્યુત ગુણધર્મ, એટલે કે ડાઈલેક્ટ્રિક કોન્સ્ટન્ટ, જે ચંદ્રની સપાટીની ઘનતા અને છિદ્રાળુતા જેવા લક્ષણોનું વર્ણન કરે છે, તેના પર અદ્યતન ડેટા પ્રોડક્ટ્સ વિકસાવ્યા છે,'' એમ તેમણે જણાવ્યું હતું. આગામી ચંદ્ર મિશન માટે પણ આ ડેટા મહત્વનો છે, કારણ કે તેઓ થર્મલ સ્ટેબિલિટી ઝોનમાં પ્રથમ ક્રમની આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે જ્યાં થીજેલું પાણી પ્રવર્તે છે, જે ભવિષ્યમાં સંસાધન ઉપયોગ અને ઉતરાણ સ્થળ પસંદગીમાં મદદ કરશે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૪૦૦ ડેટા સેટ્સ મળ્યા છે અને તેમને પ્રોસેસ કરવામાં આવ્યા છે. આ ડેટા હવે સૌ અભ્યાસ કરી શકે તે માટે ખુલ્લો મૂકાયો છે જે વૈજ્ઞાનિક સમુદાયને ખૂબ ઉપયોગી સાબિત થશે.

### સંસદનું શિયાળુ...

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચે વેપાર મુદ્દે દુશ્મનાવટનો અંત લાવવામાં મદદ કરવાના કરેલા વારંવારના દાવાઓ પર સરકાર પાસેથી જવાબ માંગે તેવી શક્યતા છે. સત્રની તારીખોની જાહેરાત પછી તરત જ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સરકાર પર નિશાન સાધતાં કહ્યું હતું કે, સત્ર અસામાન્ય રીતે વિલંબિત અને કાપવામાં આવ્યું છે.'' ગયા વર્ષે, સંસદનું શિયાળુ સત્ર 25 નવેમ્બરથી 20 ડિસેમ્બર સુધી યોજાયું હતું.

### ટ્રમ્પ પ્રશાસને...

સમાવેશ થાય છે, H1B વિઝા ધારકોના સૌથી મોટા જૂથમાં શામેલ છે. ફોક્સ ન્યૂઝના એક અહેવાલમાં જણાવાયું છે કે શ્રમ વિભાગ 175 વર્તમાન તપાસની વિગતો આપી શક્યું નથી. જો કે, ફેડરલ વિભાગે જણાવ્યું હતું કે તેણે ''ઘણી ચિંતાઓની બાબતોનો પર્દાફાશ કર્યો છે'', તપાસમાં જાણવા મળ્યું છે કે એડવાન્સ ડિગ્રી ધરાવતા કેટલાક વિદેશી કામદારોને નોકરીના વર્ણનમાં પ્રમોટ કરાયેલા પગાર કરતાં ઘણું ઓછું વેતન ચૂકવવામાં આવે છે. શ્રમ વિભાગે જણાવ્યું હતું કે આ પ્રથા વિઝા ધારકો તેમજ અમેરિકન કામદારો માટે વેતન ઘટાડે છે, જ્યારે સમાન લાયકાત ધરાવતા અમેરિકન કર્મચારીઓને સ્પર્ધાત્મક રહેવા માટે ઓછું વેતન સ્વીકારવા દબાણ કરે છે એમ ફોક્સ ન્યૂઝના અહેવાલમાં જણાવાયું છે.

### દિલ્હી ફરી...

કરી છે કે આગામી થોડા દિવસોમાં શહેરની હવા ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહેશે. દિવાળી પછી, રાષ્ટ્રીય રાજધાનીની હવા ગુણવત્તા સતત 'ખરાબ' અથવા 'ખૂબ જ ખરાબ' રહી છે, ક્યારેક ક્યારેક 'ગંભીર' ઝોનમાં સરકી જાય છે. CPCBના વર્ગીકરણ મુજબ 0 થી 50 ની વચ્ચેનો AQI ''સારો'', 51 થી 100 ''સંતોષકારક'', 101 થી 200 ''મધ્યમ'', 201 થી 300 ''ખરાબ'', 301 થી 400 ''ખૂબ જ ખરાબ'' અને 401 થી 500 ''ગંભીર'' માનવામાં આવે છે.

# AI કંપનીઓના શેરોનો ફુગ્ગો ફૂટશે તો રોકાણકારોની ૫૦ ટકા મૂડી ધોવાઈ જશે




પ્રખ્યાત અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથ કહે છે કે એક જ ઝટકામાં અમેરિકાના શેરબજારમાંથી ૩૫ ટ્રિલિયન ડોલરનો નાશ થઈ શકે છે. તેમનું કહેવું છે કે આ રકમ ૨૦૦૦ ના ડોટ-કોમ ફુગ્ગાના ફાટવા કરતાં પણ વધુ ખતરનાક હોઈ શકે છે. આ રકમ અમેરિકાના કુલ GDP કરતાં પણ વધુ છે. ગીતા ગોપીનાથના મતે આ વિસ્ફોટનાં પરિણામો ઘાતક હશે અને સમગ્ર વિશ્વમાં અનુભવાશે. ભારતીય મૂળનાં ગીતા ગોપીનાથ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર અને ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) ના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર રહી ચૂક્યાં છે. ધ ઇકોનોમિસ્ટ મેગેઝિનમાં પ્રકાશિત એક લેખમાં તેમણે જણાવ્યું હતું કે અમેરિકાના શેરબજાર પર વિશ્વની નિર્ભરતા ઐતિહાસિક સ્તરે પહોંચી ગઈ છે. જો ભવિષ્યમાં અમેરિકાના શેરબજારમાં કડાકો થશે તો તેની અસર પહેલાં કરતાં વધુ ગંભીર અને વૈશ્વિક હશે. તેમણે જણાવ્યું હતું કે આ આંચકો ડોટ-કોમ ધબડકા કરતાં પણ મોટો સાબિત થઈ શકે છે. વર્તમાન પરિસ્થિતિમાં વાસ્તવિક સમસ્યા અસંતુલિત વેપાર નથી પરંતુ અસંતુલિત વૃદ્ધિ છે. તેમના મતે ફક્ત અમેરિકામાં જ નહીં પરંતુ બાકીના વિશ્વમાં પણ AI કંપનીના શેરોમાં ઉચ્ચ વૃદ્ધિના પ્રમાણમાં સારા વળતરની જરૂર છે.

૧૯૯૦ ના દાયકાના અંતમાં અને ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં ઇન્ટરનેટના ઝડપી પ્રસારને કારણે ડોટ-કોમ બબલ બન્યો હતો. તે સમયે નફા કે મજબૂત વ્યાવસાયિક મોડેલનો અભાવ હોવા છતાં ઘણી ઇન્ટરનેટ-આધારિત કંપનીઓના શેરના ભાવ આસમાને પહોંચ્યા હતા. ૨૦૦૦ માં આ ફુગ્ગો ફાટ્યો હતો, જેના કારણે બજારમાં મોટો કડાકો થયો હતો અને અબજો ડોલરનું મૂલ્ય ધોવાઈ ગયું. IMFના રિપોર્ટ અનુસાર અમેરિકાના ઇક્વિટી બજારો તેમના વૈશ્વિક સમકક્ષો કરતાં ૪૬ ટકા પ્રીમિયમ પર ટ્રેડ થઈ રહ્યા છે. આ સ્તરને મૂળભૂત રીતે બિનટકાઉ માનવામાં આવે છે. ટૂંકા ઘટાડા પછી જોખમી સંપત્તિઓનું મૂલ્યાંકન ફરીથી ખૂબ ઊંચા સ્તરે પહોંચી ગયું છે. અમેરિકાનો ડોલર અત્યાર સુધીમાં ૧૦ ટકા નબળો પડી ગયો છે અને તેના દેવાંનો બોજ વિશ્વભરની સરકારો પર જઈ રહ્યો છે. IMF ચેતવણી આપે છે કે રોકાણકારો વધતાં જોખમો અંગે આત્મસંતુષ્ટ થઈ ગયાં છે, જ્યારે શેરોના ભાવો તેમના આંતરિક મૂલ્યથી ઘણા ઉપર છે.

વિશ્વભરમાં સેમી-કન્ડક્ટર એટલે કે ચિપ કંપનીઓના રોકાણકારોએ ઊંચા મૂલ્યાંકન સંબંધિત ચિંતાઓ પર નફો બુક કરવાનું શરૂ કર્યું ત્યારે અંધાધૂંધી સર્જાઈ છે. અમેરિકાથી એશિયન બજારોમાં વેચાણ દરમિયાન રોકાણકારોએ ૪૪.૪ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. અમેરિકન બજાર અને એશિયન બજારોમાં અંધાધૂંધી વચ્ચે રોકાણકારોએ ઊંચા મૂલ્યાંકનની ચિંતાઓ પર ઝડપથી નફો બુક કર્યો, જેના કારણે કંપનીઓનું માર્કેટ કેપ ૫૦ હજાર કરોડ ડોલરથી વધુ ઘટ્યું છે. વિશ્વની સૌથી મોટી ચિપ મેન્યુફેક્ચરિંગ કંપની TSMC નું ૩ ટકાથી વધુ ઘટ્યું છે. તે તાઇવાનની સેમિકન્ડક્ટર કંપની છે.ચિપ કંપનીઓ પર વેચાણ દબાણ અને ફિલાડેલ્ફિયા સેમિકન્ડક્ટર ઇન્ડેક્સમાં વેચવાલીના કારણે ચિપ કંપનીઓનું વૈશ્વિક માર્કેટ કેપ ૫૦૦ અબજ ડોલરથી વધુ ઘટ્યું છે, જે ૩૦ સૌથી મોટી અમેરિકન ચિપ ઉત્પાદન કરતી કંપનીઓની અસ્થિરતાનું માપદંડ છે. એશિયન બજારો પૈકી દક્ષિણ કોરિયામાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ૫ નવેમ્બરના રોજ તેના ઇક્વિટી બેન્ચમાર્ક KOSPI માં ૩ ટકાથી વધુનો ઘટાડો થયો છે. પ્રોફિટ-બુકિંગથી સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ અને SK હાયનિક્સ પર દબાણ આવ્યું, જે દરેક ૬ ટકાથી વધુ ઘટ્યા છે. આ વર્ષે તેમના શેરમાં મજબૂત વધારો જોવા મળ્યો છે, જેમાં સેમસંગ ઇલેક્ટ્રોનિક્સે ૮૦ ટકા અને SK હાયનિક્સે ૨૦૦ ટકાથી વધુનો વધારો કર્યો છે. જાપાનમાં એડવાન્ટેસ્ટ કોર્પના શેર ૧૦ ટકાથી વધુ ઘટ્યા છે, જેના કારણે નિક્કી ૨૨૫ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૩ ટકાથી વધુ ઘટ્યો હતો.

AI-સંબંધિત કંપનીઓના શેરમાં તેજીને કારણે અમેરિકન બજાર અને




કેટલાક એશિયન ઇક્વિટી બજાર સૂચકાંકો નવી ઊંચાઈએ પહોંચ્યા હતા. ઊંચા મૂલ્યાંકન અને લાંબા સમય સુધી ઊંચા વ્યાજ દરો અંગેની ચિંતાઓને અવગણીને આ શેરોએ મજબૂત પ્રદર્શન કર્યું હતું. મંગળવારે અમેરિકાના બજારમાં પેલાન્ટિરમાં અંધાધૂંધ વેચવાલીથી શરૂ થઈ હતી, જ્યાં મજબૂત કમાણીના આંકડા હોવા છતાં તેના શેર ૮ ટકાથી વધુ ઘટ્યા હતા. આ વર્ષે તે ૧૭૫ ટકાથી વધુ વધ્યો છે અને તેની કિંમત એક વર્ષની આગળની કમાણીના ૮૦ ગણાથી વધુ છે, જે તેને S&P 500 માં સૌથી મોંઘો સ્ટોક બનાવે છે. ચિપ જાયન્ટ Nvidia ના હરીફ AMD માટે નબળા દેખાવથી રોકાણકારો નિરાશ થયા હતા.પેપર સ્ટોન ગ્રુપના રિસર્ચ હેડ ક્રિસ વેસ્ટન કહે છે કે વૈશ્વિક બજારમાં ગભરાટ ચાલુ રહી શકે છે. તેમનું માનવું છે કે હાલમાં ખરીદી કરવાનું કોઈ કારણ નથી. એબરડીન ઇન્વેસ્ટમેન્ટ્સના ફંડ મેનેજર ઝિન-યાઓ એનજી કહે છે કે આ એક જરૂરી અને સ્વસ્થ કરેક્શન છે. તેમનું માનવું છે કે એક AI ફુગ્ગો છે, જે હાલમાં ફૂટતો નથી લાગતો, પરંતુ જો કેટલાક AI શેરોનું વેચાણ ચાલુ રહેશે, તો તેને ફૂટવામાં લાંબો સમય લાગશે નહીં.આ આપત્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ફુગ્ગાના ફાટવાથી આવી શકે છે. ચાર વૈશ્વિક નેતાઓએ આ અંગે ચેતવણી આપી છે અને કહ્યું છે કે નજીકના ભવિષ્યમાં AI નો ફુગ્ગો ફાટે તો બધું બદલાઈ શકે છે. AI એ મુખ્ય ટેક કંપનીઓના શેરમાં ભારે ઉછાળો લાવ્યો છે. આ ઉછાળાએ અભૂતપૂર્વ બજાર કેન્દ્રીકરણ બનાવ્યું છે. પાંચ સૌથી મોટી અમેરિકન ટેક કંપનીઓનું સંયુક્ત બજારની મૂડી હવે EURO STOXX 50 માં જાહેરમાં લિસ્ટેડ કંપનીઓ બ્રિટન, ભારત, જાપાન અને કેનેડાના સંયુક્ત બજારની મૂડી કરતાં વધી ગઈ છે. વધુમાં, ૧૦ સૌથી મોટા અમેરિકન શેર, જેમાંથી આઠ સીધા ટેકનોલોજી સાથે સંબંધિત છે, વૈશ્વિક ઇક્વિટી બજાર મૂલ્યના લગભગ પા ભાગનો હિસ્સો ધરાવે છે. આ રકમ ૨૫ ટ્રિલિયન ડોલર જેટલી મોટી છે.JPMorgan ના CEO જેમી ડિમોને તાજેતરમાં જણાવ્યું હતું કે તેઓ આ પરિસ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે. અમેરિકાની સૌથી મોટી બેંકના વડાએ ચેતવણી આપી હતી કે આગામી છ મહિનાથી બે વર્ષમાં શેરબજારમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. તેમણે આના માટે ઘણાં કારણો ટાંક્યાં, જેમાં ભૂ-રાજકીય વાતાવરણ, સરકારી ખર્ચ અને વિશ્વનું શસ્ત્રો તરફ પાછા ફરવું સામેલ છે.ગોલ્ડમેન સેક્સના સીઈઓ ડેવિડ સોલોમને પણ આવી જ ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે આગામી એક કે બે વર્ષમાં શેરબજારોમાં ઘટાડો થવાનો છે. તેમણે સમજાવ્યું હતું કે AI માટેના ક્રેઝે શેરબજારોને રેકોર્ડ ઊંચાઈએ પહોંચાડ્યા હતા, પરંતુ હવે તે ઘટી શકે છે.સોલોમને ૧૯૯૦ ના દાયકાના અંતમાં અને ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં ઇન્ટરનેટના વ્યાપક વધારાનું ઉદાહરણ આપ્યું. તે સમયે, વિશ્વની ઘણી મોટી કંપનીઓ બનાવવામાં આવી હતી, પરંતુ રોકાણકારોએ પણ ડોટ-કોમ બબલ તરીકે ઓળખાતા આ બબલમાં નામાંકિત કંપનીના શેરોમાં રોકાણ કરીને તેમના ઘણા પૈસા ગુમાવ્યા હતા.

બેંક ઓફ ઇંગ્લેન્ડે પણ બજારમાં મંદીની સંભાવના અંગે ચિંતા વ્યક્ત કરી છે. બેંક ઓફ ઇંગ્લેન્ડે ચેતવણી આપી છે કે AI શેરોમાં ઘટાડો જોવા મળી શકે છે, જે બજારમાં આંચકાનાં મોજાં મોકલી શકે છે.બજારમાં તીવ્ર ઘટાડાનું જોખમ વધી ગયું છે. ખાસ કરીને AI-કેન્દ્રિત ટેક કંપનીઓ માટે શેરબજારના મૂલ્યાંકન અતિશય વધુ પડતાં લાગે છે.એમેઝોનના સ્થાપક જેફ બેઝોસે પણ આ મુદ્દા પર ભાર મૂક્યો છે અને AI ને ઔદ્યોગિક પરપોટો ગણાવ્યો છે.ટેકનોલોજી ક્ષેત્રમાં વર્તમાન મૂલ્યાંકન ડોટ-કોમ યુગ દરમિયાન જોવા મળતાં સ્તરની નજીક પહોંચી રહ્યું છે.જો રોકડ પ્રવાહ અપેક્ષાઓ કરતાં ઓછો રહે તો ભૂલ સુધારવા માટે બહુ ઓછી જગ્યા રહે છે.કેટલીક અનિશ્ચિતતાઓ મધ્યમ ગાળાના વળતર અને વૃદ્ધિને અસર કરી શકે છે. આમાં મૂડીરોકાણ પર અસ્પષ્ટ વળતર, ડેટા સેન્ટરો માટે ઊર્જા પુરવઠાની મર્યાદાઓ અને વધતી જતી વૈશ્વિક સ્પર્ધાનો સમાવેશ થાય છે.આ પરિસ્થિતિ રોકાણકારોને આશ્ચર્યચકિત કરી રહી છે કે શું આ AI ક્રેઝ એક મોટા પરપોટાનો સંકેત છે. જેમ ડોટ-કોમ પરપોટા દરમિયાન થયું હતું, જ્યાં કંપનીઓનું મૂલ્યાંકન તેમના વાસ્તવિક પ્રદર્શન કરતાં ઘણું વધારે હતું. તેવી જ રીતે AI કંપનીઓ સાથે પણ થઈ શકે છે. રોકાણકારો જો આ પરિસ્થિતિમાં સાવધ નહીં રહે તો તેમને દેવાળું ફૂંકવાની નોબત આવશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**IMF ચેતવણી આપે છે કે રોકાણકારો વધતાં જોખમો અંગે આત્મસંતુષ્ટ થઈ ગયાં છે, જ્યારે AI કંપનીઓના શેરોના ભાવો તેમના આંતરિક મૂલ્યથી ઘણા ઉપર છે**

# હક: નારીના હક માટેની લડતને ઉજાગર કરતો શક્તિશાળી કોર્ટરૂમ ડ્રામા




ફિલ્મ 'હક' પ્રખ્યાત શાહ બાનો કેસ પરથી પ્રેરિત છે – એ કેસ જેમાં mghdjr તલાકશુદા મુસ્લિમ મહિલાને ભરણપોષણ આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો.

વાર્તા શાઝિયા બાનો (યામી ગૌતમ ધર) અને તેના વકીલ પતિ અબ્બાસ ખાનની (ઈમરાન હાશ્મી) છે. બે બાળકો સાથે તેમનું જીવન ખુશહાલ લાગે છે, ત્યાં સુધી કે અબ્બાસ બીજી પત્ની સાઈરા (વર્તિકા સિંહ) સાથે લગ્ન કરે છે. શાઝિયા શરૂઆતમાં સમાધાન કરવાનો પ્રયાસ કરે છે, પણ સંબંધોમાં તણાવ વધે છે અને અંતે અબ્બાસ ત્રણ તલાક આપીને તેને છોડી દે છે. પછી શાઝિયા કોર્ટમાં જઈને પોતાના અને બાળકોના ભરણપોષણ માટે લડે છે – એક એવી લડત, જે ધર્મ, સ્ત્રી અધિકાર અને ન્યાય અંગે રાષ્ટ્રીય ચર્ચા જગાવે છે. રેશુ નાથ દ્વારા લખાયેલું સ્ક્રીનપ્લે જિજ્ઞા વોરાની 'બાનો: ભારત કી બેટી' પર આધારીત છે. રેશુ નાથની વાર્તા હૃદયસ્પર્શી અને વિચારપ્રેરક છે. કોર્ટરૂમ સીન ખૂબ જ રોમાંચક છે, જ્યાં શાઝિયા અને અબ્બાસ વચ્ચેના તર્કો દર્શકોને અંત સુધી બાંધી રાખે છે. ફિલ્મનો ક્લાઈમૅક્સ તો આંખોમાં આંસુ લાવે એવો છે – ખાસ કરીને શાઝિયાના સંવાદો, જે ભાવના, તર્ક અને શક્તિનું અદભુત મિશ્રણ છે.

અભિનયની વાત કરીએ તો યામી ગૌતમ ધરે અદભુત અભિનય કર્યો છે – સંયમિત છતાં શક્તિશાળી અભિનયથી તેણે પાત્રમાં પ્રાણ ફુંક્યો છે. ઈમરાન હાશ્મીએ શાનદાર અભિનય કર્યો છે, જ્યારે વર્તિકા સિંહનું ડેબ્યૂ આત્મવિશ્વાસથી ભરેલું છે. શીબા ચઢ્ઢા પણ શાઝિયાની વકીલ તરીકે યાદગાર રહી જાય છે.

સુપર્ણ એસ. વર્માનું દિગ્દર્શન સંવેદનશીલ અને અસરકારક છે, જે દર્શકોને શાઝિયાની પીડા અનુભવું કરાવે છે. વિશાલ મિશ્રાનું સંગીત ફિલ્મના મૂડ સાથે મેળ ખાય છે.

**અભિનેતા:** યામી ગૌતમ ધાર, ઈમરાન હાશ્મી, શીબા ચઢ્ઢા, વર્તિકા સિંહ **નિર્માતા:** જંગલી પિક્ચર્સ, ઈન્સોમનિયા ફિલ્મ્સ, બાવેજા સ્ટુડિયો **વાર્તા-પટકથા:** રેશુ નાથ **નિર્દેશક:** સુપર્ણ વર્મા

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી

ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

### વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. કઠોદરા | ૧૧ કે.વી.ઓપેરા જેજીવાય | પાસોદરા | ૬૩૫૭૨૩૧૪૦ | ૧૨.૧૧.૨૫/બુધવાર | ૧૪.૦૦ થી ૧૮.૦૦ |
| ૨ | ૬૬ કે.વી. લસકાણા | ૧૧ કે.વી. સિદ્ધિ વિનાયક | લસકાણા | ૮૯૮૦૦૩૧૬૬ | ૧૨.૧૧.૨૫/બુધવાર | ૦૭.૦૦ થી ૧૪.૦૦ |
| ૩ | ૬૬ કે.વી. કોસાડ | ૧૧ કે.વી. સત્તાધાર | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૨.૧૧.૨૫/બુધવાર | ૦૯.૩૦ થી ૧૫.૦૦ |
| ૪ | ૬૬ કે.વી. વેલંજા | ૧૧ કે.વી. ગોથાણ એ.જી. | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭ | ૧૨.૧૧.૨૫/બુધવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૫ | ૬૬ કે.વી. વેલંજા | ૧૧ કે.વી ઉમરા જે.જી.વાય | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭ | ૧૨.૧૧.૨૫/બુધવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૬ | ૬૬ કે.વી. મોટાવરાછા | ૧૧ કે.વી શિવધારા | ઉત્રાણ/કોસાડ | ૬૧૫૭૨૩૧૧૨૭/ | ૧૨.૧૧.૨૫/બુધવાર | ૧૦.૩૦ થી ૧૨.૦૦ |
| ૭ | ૬૬ કે.વી. સરથાણા | ૨૨ કે.વી. યોગીચોક | સીમાડા | ૬૩૫૭૨૩૧૪૩ | ૧૨.૧૧.૨૫/બુધવાર | ૦૭.૦૦ થી ૧૪.૦૦ |
| ૮ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી સમ્રાટ | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૩.૧૧.૨૫/ગુરુવાર | ૦૭.૩૦ થી ૧૫.૩૦ |
| ૯ | ૬૬ કે.વી. વેલંજા | ૧૧ કે.વી. રુદ્ર | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭ | ૧૩.૧૧.૨૫/ગુરુવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૦ | ૬૬ કે.વી. વેલંજા | ૧૧ કે.વી. સુખરામ | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭ | ૧૩.૧૧.૨૫/ગુરુવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૧ | ૬૬ કે.વી. વેલંજા | ૧૧ કે.વી. દ્વારકેશ | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭ | ૧૩.૧૧.૨૫/ગુરુવાર | ૧૦.૩૦ થી ૧૨.૩૦ |
| ૧૨ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. રાજહંસ | સરથાણા | ૮૯૮૦૮૦૩૮૪ | ૧૩.૧૧.૨૫/ગુરુવાર | ૦૭.૦૦ થી ૧૪.૦૦ |
| ૧૩ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી.પ્રમુખછાયા | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૪.૧૧.૨૫/શુક્રવાર | ૦૭.૩૦ થી ૧૫.૩૦ |
| ૧૪ | ૬૬ કે.વી ગોડાદરા-૨ | ૨૨ કે.વી અરીહંત | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૫.૧૧.૨૫/શનિવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૫ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી.નુતન | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૫.૧૧.૨૫ શનિવાર | ૦૯.૦૦ થી ૧૫.૩૦ |
| ૧૬ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી. ઘરમ | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૫.૧૧.૨૫/શનિવાર | ૦૭.૩૦ થી ૧૫.૩૦ |
| ૧૭ | ૬૬ કે.વી. કોસાડ | ૧૧ કે.વી. વર્ણી | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૫.૧૧.૨૫/શનિવાર | ૧૪.૦૦ થી ૧૬.૦૦ |
| ૧૮ | ૬૬ કે.વી. કોસાડ | ૧૧ કે.વી.શ્રી હરિ | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૫.૧૧.૨૫/શનિવાર | ૧૦.૩૦ થી ૧૩.૦૦ |
| ૧૯ | ૬૬ કે.વી.કોસાડ | ૧૧ કે.વી. વાયબ્રન્ટ | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫ | ૧૫.૧૧.૨૫ શનિવાર | ૧૫.૦૦ થી ૧૭.૦૦ |
| ૨૦ | ૬૬ કે.વી. ગોથાણ | ૧૧ કે.વી આકાશ | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭ | ૧૫.૧૧.૨૫/શનિવાર | ૧૦.૩૦ થી ૧૨.૩૦ |
| ૨૧ | ૬૬ કે.વી. ગોથાણ | ૧૧ કે.વી મહાબલિ | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭ | ૧૫.૧૧.૨૫/શનિવાર | ૧૪.૦૦ થી ૧૬.૦૦ |

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

પીપલોદ (સં. અને નિ) વિભાગીય કચેરી

પેહલો માળ, ઈ-સ્પેસની સામે, ભગવાન મહાવીર કોલેજ ચાર રસ્તા, ન્યુ વી.આઈ.પી.રોડ, ભરથાણા-વસુ, સુરત-૩૯૫૦૦૭

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦૨૩૩૩૦૦૩)

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે સબસ્ટેશન ની અગત્યની સમારકામ, RDSS તથા DISS ની કામગીરી હોવાના કારણે નીચે દર્શાવેલ સબસ્ટેશનમાંથી નીકળતા તમામ ફીડરોનો વીજપ્રવાહ નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ બંધ રહેશે.

| સબ સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નં | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| મોરા | ૧૧ કે.વી જુના ગામ | ઈચ્છાપોર | જુના ગામ, સુવાલી અને રાજગરી ને આજુબાજુ ના વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૨ | ૧૦.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| મોરા | ૧૧કે.વી સુવાલી | ઈચ્છાપોર | સુવાલી ઇન્ડસ્ટરીયલ વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૨ | ૧૦.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૨ | ૧૧કે.વી સમર્થ | મગદલ્લા | મગદલ્લા ગામ અને એલ & ટી કોલોની | ૯૦૯૯૦૬૪૧૨૫ | ૧૦.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| SVNIT | ૧૧ કે.વી અગ્રેસેન | અલથાણ | અણુંવ્રત દ્વાર ની આજુબાજુના વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૧ | ૧૧.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ | ૧૧ કે.વી.મેઘધારા | પીપલોદ | ફ્લોરેન્સ હોસ્પીટલની આજુબાજુના વિસ્તાર | ૯૮૭૯૨૦૧૧૭૨ | ૧૧.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૨ | ૧૧ કે.વી નંદીની | મગદલ્લા | શુંગાર રેસીડન્સી ને આજુબાજુના વિસ્તાર | ૯૦૯૯૦૬૪૧૨૫ | ૧૧.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ખજોદ | ૧૧ કે.વી મંગલમ | મગદલ્લા | સેલિબ્રિટીગ્રીન અને તેની આજુબાજુના વિસ્તાર | ૯૦૯૯૦૬૪૧૨૫ | ૧૧.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ | ૧૧કે.વી શ્રી રામ | મગદલ્લા | સેકન્ડ VIP રોડ,ડ્રીમ હાઉસ ની સામેનો વિસ્તાર | ૯૦૯૯૦૬૪૧૨૫ | ૧૧.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ઈચ્છાપોર | ૧૧ કે.વી રાંદેર સીટી- | ઈચ્છાપોર | વેલ પાર્કને આજુબાજુ નો વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૨ | ૧૨.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| SVNIT | ૧૧કે.વી કૃષ્ણધામ | પીપલોદ | શારૂ નગર, સરસ્વત નગર, પ્રગતી નગર, કૃષ્ણધામ સોસયટી, આકાશ હોમ ને આજુબાજુના વિસ્તાર | ૯૮૭૯૨૦૧૧૭૨ | ૧૨.૧૧.૨૦૨૫ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| મોરા | ૧૧ કે.વી હજીરા | ઈચ્છાપોર | હજીરા ગામ ને આજુબાજુના વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૨ | ૧૩.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૧ | ૧૧ કે.વી મહેશ્વરી | મગદલ્લા | તિરંગા હાઈટસ, વાઇટ પોઈન્ટ ને આજુબાજુના વિસ્તાર | ૯૦૯૯૦૬૪૧૨૫ | ૧૪.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| SVNIT | ૧૧ કે.વી કેનાલ | અલથાણ | બ્રેડલાઈનર સર્કલ થી સોહમ સર્કલ | ૮૯૮૦૮૦૩૯૦૧ | ૧૪.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વડોદ | ૧૧ કે.વી. શ્રી રામ | બમરોલી | હરિઓમ ઇન્ડ-૨ ને આજુબાજુનો વિસ્તાર | ૮૯૮૦૦૨૭૮૧૦ | ૧૫.૦૯.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કેવી ભગવાન મહાવીર | અલથાણ | ભગવાનમહાવીર કોલેજ, ભીમરાડ પોલીસચોકી ને આજુબાજુનો વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૧ | ૧૫.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કેવી માન સરોવર | અલથાણ | ધીરજ સન્સ ને આજુ બાજુ નો વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૧ | ૧૫.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી રઘુવીર | અલથાણ | ભીમરાડ કેનાલ રોડ ને આજુબાજુનો વિસ્તાર | ૮૯૮૦૮૦૩૯૦૧ | ૧૫.૧૧.૨૦૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |

નોંધ :- સમારકામ પૂર્ણ થયેથી કોઇપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર(સં.અને નિ), પીપલોદ વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક: દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

## વાપી મહાનગરપાલિકા- વાપી

૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

### ટૂંકી મુદતની જાહેરાત

### (ઇલેક્ટ્રિકલ વિભાગ) (જાહેર નિવિદા નં.૦૩/૨૦૨૫-૨૬)

વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને બાંધકામ શાખાનુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામા આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત<br>૨. સરકાર માન્ય શ્રેણી | ૩. ટેન્ડર ફી<br>૪. ડીપોઝીટ<br>૫. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | વાપી મહાનગરપાલિકાની વિવિધ અસ્કયામતો ખાતે લગાવેલ સોલર પાવર પ્લાન્ટની વાર્ષિક ભાવે મરામત કરવા તેમજ નવા સોલર પાવરપ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનું કામ. (બીજો પ્રયત્ન) | ૧) આઈટમ રેટ<br>૨) .... | ૩) ૧૭૭૦/-<br>૪) ૫૦,૦૦૦/-<br>૫) ૧ વર્ષ |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | | ૧૧/૧૧/૨૦૨૫ | |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | | ૧૭/૧૧/૨૦૨૫ | |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | | ૨૧/૧૧/૨૦૨૫ ૧૭:૦૦ કલાક સુધી | |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | | ૨૨/૧૧/૨૦૨૫ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) | |

-સહી-
જે. કે. પટેલ
સીટી ઈજનેર
વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૬૧૦/૨૦૨૫


સુપરહીટ ગુજરાતી ફિલ્મ



લાલો શ્રીકૃષ્ણ સદા સહાયતે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦



જટાધરા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત



સુપર ડુપર હીટ ગુજરાતી ફિલ્મ
લાલો : શ્રી કૃષ્ણ સદા સહાયતે
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૭.૩૦, રાત્રે : ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦
પ્રિડેટર : બેડલેન્ડ્સ (હિન્દી) સવારે : ૧૧.૩૦
એક દિવાનેકી દિવાનીયત ૧.૪૫
હક સવારે : ૯.૦૦

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ત્રીજો માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 8238380822
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
સુપરહીટ ગુજરાતી ફિલ્મ
લાલો : શ્રી કૃષ્ણ સદા સહાયતે
૯.૦૦, ૧૧.૩૫, ૨.૧૦, ૪.૪૫, ૫.૫૦, ૭.૨૦, રાત્રે : ૮.૨૫, ૧૦.૦૦, ૧૧.૦૦
સુપરહીટ ગુજરાતી ફિલ્મ
ચણીયા ટોળી
૯.૦૫, ૨.૦૦, ૬.૦૫, ૭.૨૦, રાત્રે : ૯.૨૫
જટાધરા (હિન્દી) સોનાક્ષી સિંહા
૯.૧૦, ૪.૫૦, રાત્રે : ૮.૪૦
ચરકટ ગુજરાતી : ૪.૪૦
પ્રવાસ ગુજરાતી : ૧૧.૪૦, ૭.૨૫
એક દિવાનેકી દિવાનીયત
૯.૦૦,૧૨.૧૦,૩.૦૦, રાત્રે : ૧૦.૧૦
હક : ઈમરાન હાશ્મી યામી ગૌતમ
૯.૦૦, ૧૧.૩૫, ૨.૧૫, ૫.૧૫, રાત્રે : ૧૦.૦૦, ૧૧.૧૫
ધ તાજ સ્ટોરી
૯.૦૫, ૧૨.૧૦, ૧.૪૦, રાત્રે : ૧૦.૧૦
થામા ૧૧.૫૦, ૩.૨૦, ૭.૫૦
પ્રિડેટર : બેડલેન્ડ્સ
(હિન્દી) ૧૦.૦૦, ૩.૦૦, રાત્રે : ૮.૦૦, ૧૦.૩૫
મિસરી ગુજરાતી : ૧૨.૧૦, ૨.૩૦, ૫.૧૦, ૭.૨૫
ધ ગર્લ ફ્રેન્ડ (હિન્દી) : ૯.૩૦, ૪.૫૦
જસ્સી v/s જસ્સી સવારે : ૧૧.૪૦

RAJ IMPERIAL
DOLBY ATMOS
INOX
દીપકમલ મોલ, સરથાણા નેચર પાર્ક પાસે, વરાછા રોડ, સુરત.
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777



સુપરડુપર હીટ ગુજરાતી ચિત્ર
લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે
ગુજરાતી: ૮.૦૦, ૯.૪૫, ૧૦.૩૫, ૧૧.૪૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૩૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૨૦, ૫.૧૫, ૬.૧૦, ૬.૪૫, ૭.૧૦, રાત્રે : ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૪૫



સત્ય ઘટના પર આધારિત
હક
* ઈમરાન હાશ્મી * યામી ગૌતમ
૧૦.૫૦, ૧.૪૦, ૭.૪૦, રાત્રે: ૧૦.૩૦
3D હિન્દી એક્શન
પ્રિડેટર : બેડલેન્ડ્સ
૯.૦૦, ૧૧.૨૫, રાત્રે: ૧૦.૦૦
(ગુજરાતી) ચણિયા ટોળી ૯.૦૦, ૪.૪૫
એક દીવાને કી દીવાનીયત ૧૨.૫૦
થામા સવારે : ૯.૩૫
પ્રવાસ ગુજરાતી : ૭.૩૦
મિસરી ગુજરાતી : ૪.૩૦
કંતારા-1 રાત્રે : ૯.૩૦
ચીન્નાઈ એક્સપ્રેસ ૧.૪૫